# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 17/09/2026 EVENING: 7.50 TO 8.00**

**DAY: THURSDAY NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વિશ્વ નવા અને વિશ્વસનીય ઉત્પાદન સ્થળો શોધી રહ્યું છે અને ભારત તે માટે પોતાને તૈયાર કરી રહ્યું છે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના વડનગરમાં "સેવા સંકલ્પ અભિયાન"નો પ્રારંભ કરાવ્યો.

3) પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું છે કે છેલ્લા બાર વર્ષોમાં દેશમાં ડૉપ્લર હવામાન રડારોની સંખ્યા વધીને 51 થઈ.

4) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભુતાનના પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી સાથે ભારત આવતા ભુતાની નાગરિકો માટે UPIના બીજા તબક્કાનો શુભારંભ કર્યો.

5) ગ્રામીણ વિકાસમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જી રામ જી યોજના વિકસિત ગામના નિર્માણમાં કેવી રીતે યોગદાન આપી શકે તે શોધી કાઢવા અધિકારીઓને નિર્દેશ આપ્યો.

6) ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીનો અંતિમ મુકાબલો શરૂ.

*************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE. PM-SEMICON INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વિશ્વ નવા અને વિશ્વસનીય ઉત્પાદન સ્થળો શોધી રહ્યું છે અને ભારત આ જરૂરિયાતને પહોંચી વળવા માટે સતત પોતાને તૈયાર કરી રહ્યું છે. આજે નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે SEMICON India 2026નું ઉદ્ઘાટન કરતા, શ્રી મોદીએ ભારતને નવા વૈશ્વિક ઉત્પાદન પડકારોનો સામનો કરવા માટે એક વિશ્વસનીય સ્થળ તરીકે સ્થાન આપ્યું.

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે , ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન 2.0 એ પ્રથમ તબક્કામાં આઠ અબજ અમેરિકી ડોલરથી વધારીને 13.5 અબજ અમેરિકી ડોલર કર્યું છે. તેમણે ભાર મૂક્યો હતો કે અત્યાર સુધીમાં 12 ચિપ બનાવવાના પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, આગામી તબક્કામાં તેમાં વધુ વધારો થશે.

(BYTE- PM - CHIP)

શ્રી મોદી કહ્યું કે , ભારતમાં સંશોધન કરી રહેલા યુવા પ્રતિભાઓએ આગળ આવવું જોઈએ અને અદ્યતન ટેકનોલોજીના વિકાસમાં જોડાવું જોઈએ.

આ પ્રસંગે , કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી અને ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત ઘણા દાયકાઓથી સેમિકન્ડક્ટર ઉદ્યોગ સ્થાપિત કરવા માંગતો હતો જેનો પાયો હવે નંખાઈ ગયો છે અને આગળનું પગલું સેમિકોન 2.0 દ્વારા ઉદ્યોગનું નિર્માણ કરવાનું છે , જેમાં સેમિકન્ડક્ટર ડિઝાઇન , મશીનો અને સામગ્રી , મેમરી, સિલિકોન, કમ્પાઉન્ડ અને લોજિક ફેબ્રિકેશન યુનિટ્સ અને સંશોધન અને વિકાસનો સમાવેશ થાય છે.

પત્રકારો સાથે વાત કરતાં શ્રી વૈષ્ણવે કહ્યું કે , સરકારે સેમિકન્ડક્ટર આવશ્યકતાઓને ધ્યાનમાં રાખી ભારતમાં ચિપ્સ ડિઝાઇન કરવા માટે ઓછામાં ઓછા 200 સ્ટાર્ટઅપ્સ અને કંપનીઓને ટેકો આપવાનું લક્ષ્ય રાખ્યું છે.

**(BYTE – SI-ASHWINI VAISHNAV-)**

# WB-ANNAPURNA DIVAS

આજે સમગ્ર પશ્ચિમ બંગાળમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો જન્મદિવસ "અન્નપૂર્ણા દિવસ" તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે સોશિયલ મીડિયા પર મહિલાઓને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે બંગાળમાં મહિલાઓના સશક્તિકરણને વેગ આપવામાં અન્નપૂર્ણા યોજના મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળ સરકારે અન્નપૂર્ણા યોજના દ્વારા પાત્ર લાભાર્થીઓના બેંક ખાતામાં ત્રણ હજાર રૂપિયા જમા કરાવે છે.

# GUJARAT SEVA SANKALP ABHIYAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ અને જાહેર જીવનમાં તેમના 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે "સેવા સંકલ્પ અભિયાન "નો પ્રારંભ કરાવ્યો. પ્રધાનમંત્રીના વતન વડનગરથી શરૂ થયેલું આ અભિયાન આગામી 17 ઑક્ટોબર સુધી ચાલશે. આ પ્રસંગે જાહેરસભાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું , પ્રધાનમંત્રીનું જીવન ભારત પ્રથમના મંત્ર અને ગરીબ કલ્યાણ માટે સમર્પિત છે . તેમણે કહ્યું, વર્ષ 2047 સુધી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા દેશને હજી આવા સમર્પિત અને નિઃસ્વાર્થ ભાવથી પ્રેરિત નેતાઓની જરૂર છે.

**(BYTE: AMIT SHAH, UNION HOME MINISTER) PM MODI 25 YEAR**

"मुख्यमंत्री और प्रधानमंत्री काल के 25 साल में यह आदमी एक भी दिन की छुट्टी लिए बगैर 25 साल तक अहर्निश देश सेवा में लगा रहा है। गरीबों की सेवा, पिछड़ों की सेवा, दलितों की सेवा, आदिवासियों की सेवा, यह सेवा में उन्होंने अपना पूरा जीवन नि [न्योछावर]... एक भी दिन ऐसा नहीं गया है जहां 16 घंटे से 18 घंटे लगातार काम, काम, काम, काम करना।"

શ્રી શાહે શ્રી મોદીના નેતૃત્વમાં થયેલા નોંધપાત્ર પરિવર્તનનો પણ ઉલ્લેખ કર્યો.

અમારાં સંવાદદાતા અર્પણા ખુંટ જણાવે છે , પ્રધાનમંત્રીના જન્મસ્થળ વડનગરમાં આજે અનેક કલ્યાણકારી કાર્યક્રમ યોજાયા. દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અન્ય મહાનુભાવો સાથે ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ પર મહાઆરતી અને તળાવથી હાટકેશ્વર મંદિર સુધી પદયાત્રામાં સહભાગી થયા.

શ્રી શાહ વડનગર રેલવેમથક પર સ્વચ્છતા અભિયાનમાં પણ જોડાયા. ઉપરાંત શ્રી શાહે અને શ્રી પટેલે વડનગરથી વારાણસી ભવ્ય બાઈક રેલીનું પ્રસ્થાન કરાવ્યું.

શ્રી શાહ અમદાવાદમાં જમાલપુરના શ્રી જગન્નાથ મંદિરમાં દર્શન કરી કાંકરિયા પરિસરમાં આશીર્વાદનો દીવો કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આરતી કરી.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# JITENDRA - WEATHER RADAR

પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું છે કે છેલ્લા બાર વર્ષોમાં દેશમાં ડૉપ્લર હવામાન રડારોની સંખ્યા 14 થી વધીને 51 થઈ ગઈ છે. તેમણે આજે ઓડિશાના સંબલપુરમાં ભારતના 51મા અત્યાધુનિક ડૉપ્લર હવામાન રડારનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરતી વખતે આ વાત કહી હતી.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે 'મિશન મોસમ' અંતર્ગત લગભગ ચાલીસ વધુ રડાર સ્થાપિત કરવાની યોજના છે. આ વિસ્તાર ભારતની હવામાન ઘટનાઓનું અવલોકન કરવા, તેને સમજવા અને તેને પહોંચી વળવા ની ક્ષમતાને મજબૂત કરવા માટેના સરકારના પ્રયાસોનો એક ભાગ છે.

# JAISHANKAR - BHUTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભુતાનના પ્રધાનમંત્રી શેરિંગ તોબગે અને વિદેશ મંત્રી ડી.એન. ઢુંગયેલ સાથે ભારત આવતા ભુતાની નાગરિકો માટે આંતરરાષ્ટ્રીય UPIના બીજા તબક્કાનો શુભારંભ કર્યો. શ્રી જયશંકર ભુતાનની બે દિવસની મુલાકાતે છે.

આ દરમિયાન ભારતીય સંસ્થાઓમાં ભુતાની વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે નેહરુ વાંગચુક શિષ્યવૃત્તિ યોજનાના વિસ્તરણ માટે કરાર થયા.

વિદેશ મંત્રીએ પ્રધાનમંત્રી તોબગેને 'ભારતમાં બનેલા' 54 ઈલેક્ટ્રિક વાહનો પણ સોંપ્યા. તેમણે ઉમેર્યું કે ભારત ઈ-મોબિલિટી અને ટકાઉ પરિવહનની દિશામાં ભુતાનની પ્રગતિનું સમર્થન કરે છે.

# G RAM G - CHAUHAN

ગ્રાહક અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે 'વિકસિત ભારત- જી રામ જી' યોજના વિકસિત ગામના નિર્માણમાં કેવી રીતે યોગદાન આપી શકે એ શોધી કાઢવા માટે અધિકારીઓને નિર્દેશ આપ્યો છે. શ્રી ચૌહાણે વિકસિત ભારત- જી રામ જી' યોજના પર આયોજિત રાષ્ટ્રીય કાર્યશાળામાં જણાવ્યું હતું કે આ યોજનાનો ઉદ્દેશ્ય રોજગારી પૂરી પાડવાની સાથે સાથે એવી સંપત્તિઓનું નિર્માણ કરવાનો છે જે ગ્રામીણ સમુદાયો માટે લાંબા ગાળાના ઉપયોગમાં આવે અને ગામડાઓને આત્મનિર્ભર તથા વિકસિત બનાવવામાં સહાયક બને.

# SEVA SANKALP ABHIYAN -ARTICLE 370

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવાથી દેશસેવાના મંત્ર અને નિરંતર પ્રતિબદ્ધતાથી સાર્વજનિક સેવાના 25 વર્ષ પૂરા કરી રહ્યા છે, જે આજે પણ ચાલુ છે. આ પ્રસંગે અમે 'સેવા સંકલ્પ અભિયાન 'ની વિશેષ  શ્રેણી પ્રસારિત કરી રહ્યા છીએ. આ કડીમાં આજે અમે તમને માહિતી આપી રહ્યા છીએ - કલમ 370 નાબૂદી અંગે.**

## VC- અજય ઈન્દ્રેકર (capsule)

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ વિચારો જમ્મુ-કાશ્મીરના બંધારણીય ઇતિહાસના અત્યાર સુધીના સૌથી મોટા નિર્ણયને દર્શાવે છે. 5 ઓગસ્ટ, 2019ના રોજ કલમ 370 હટાવવાથી જમ્મુ-કાશ્મીરના વહીવટી અને રાજકીય માળખામાં મોટો બદલાવ આવ્યો. રોડ  જોડાણ હોય કે રેલ નેટવર્ક , પ્રવાસન હોય કે સુરક્ષા , જમ્મુ-કાશ્મીરમાં દરેક ક્ષેત્રમાં દિવસેને દિવસે પ્રગતિ અને સમૃદ્ધિ જોવા મળી રહી છે. આ સંદર્ભે અમે વરિષ્ઠ રાજકીય વિશ્લેષક હકીમ રુહુલ્લાહ ગાઝી સાથે વાત કરી.)*

# બાઇટ- હકીમ રુહુલ્લાહ ગાઝી

*(કલમ 370 હટ્યા પછી જમ્મુ-કાશ્મીરના વિકાસને સુનિશ્ચિત કરવા માટે વર્તમાન કેન્દ્ર સરકાર દરેક શક્ય પગલાં ભરી રહી છે. પરંતુ જરૂરી છે કે અહીંની જનતા પણ આ તકોનો પૂરો ફાયદો ઉઠાવે. શ્રીનગરથી ઇશ્ફાક શાહ  સાથે અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.)*